ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
હુકમ ક્રમાંક:- અગન/૧૦/૨૦૨૦/૪૨૨/લ-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-03/૧૦/૨૦૨૦

વંચાણે લીધા:-નિયામક રાજ્યઅગ્નિ નિવારણ સેવાઓના ત.30/0૯/૨૦૨૦ના પત્ર ક્રમાંક:- સફ્સ-ફ્ન-૧૭/૨૬૯/૨૦૨૦.

પ્રસ્તાવના:-

ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩નો મહાનગરપાલિકા વિસ્તારમાં અસરકારક અમલ થાય તે હેતુથી નિયામક, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓને સદર અધિનિયમ હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાઓ મહાનગર પાલિકા વિસ્તારના પ્રાદેશિક ફાયર અધિકારીને સોંપવા અંગે ઉક્ત વંચાણે લીધેલ પત્રથી દરખાસ્ત કરેલ છે.

હુકમ:-

ઉક્ત વિગતે કાળજીપૂર્વક વિચારણાના અંતે સદરહુ અધિનિયમની કલમ -૭માં નિયામકની સત્તાઓ, ફરજો તથા કાર્યો નિયત થયેલ છે, તે પૈકી કલમ-૭(૧)(૫), ૭(૧)(૮), ૭(૧)(૯), ૭(૧)(૧૦), ૭(૧)(૧૧), ૭(૧)(૧૨), ૭(૨), ૭(૭), ૭(૮), ૭(૯)થી નિયત થયેલ કાર્યો, સત્તા તથા ફરજો અને કલમ ૨૮ તથા કલમ-૫3ની સત્તાઓ સંબંધિત મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર માટે તે મ્યુનિસિપલ વિસ્તારના સંબંધિત પ્રાદેશિક ફાયર અધિકારીને સુપ્રત કરવા નિયામકશ્રીની દરખાસ્તને આથી મંજૂરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એચ. વસાવા)
નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ,
બ્લોક નં. ૧૩-૩, ડો.જે.એમ.ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-
અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અંગત સચિવશ્રી, તરફ જાણ સારુ
શાખા સિલેક્ટ ફાઈલ